# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) સમગ્ર દેશ સહિત રાજ્યમાં રાષ્ટ્રીય યુવા દિવસની થઈ રહેલી ઉજવણી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતના યુવાનોની ક્ષમતા ટૂંક સમયમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવશે.

2) રાજકોટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર તેમજ વડોદરામાં આજે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ યોજાયો.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી રાજ્યની ચાર દિવસીય મુલાકાતે.

4) છેલ્લા ચોવીસ કલાકમાં સૌરાષ્ટ્ર, કચ્છના કેટલાક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં છ ડિગ્રીનો ઘટાડો – આગામી બેથી ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત રહેશે.

5) ભારત અને આયર્લેન્ડ વચ્ચે આજે રાજકોટમાં રમાયેલી બીજી એક દિવસીય મહિલા ક્રિકેટ મેચમાં ભારતનો ૧૧૬ રને વિજય.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# EVE PM - YOUNG LEADERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતના યુવાનોની ક્ષમતા ટૂંક સમયમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવશે.

આજે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે વિકસિત ભારત યુવા નેતા સંવાદમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે ભારતની યુવા શક્તિ નોંધપાત્ર ફેરફારો લાવી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે તેમને નવી પેઢીમાં વિશ્વાસ છે અને તે બધી સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢશે.

**(બાઈટ - પ્રધાનમંત્રી)**

શુક્રવારથી શરૂ થયેલા આ ત્રણ દિવસીય વિકસિત ભારત યુવા નેતા સંવાદ કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ દેશભરના ત્રણ હજાર ઊર્જાવાન યુવા નેતાઓ સાથે વાતચીત કરી હતી.

આ કાર્યક્રમમાં રાજ્યનાં 45 યુવાનો જોડાયા હતાં. તેમણે પ્રધાનમંત્રી સમક્ષ વિકસીત ભારત અંગે પોતાના વિચારો રજૂ કર્યાં હતાં.

. . . . . . . . . . . . .

# National Youth Day

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વામી વિવેકાનંદજીની ૧૬૨મી જન્મજયંતી 'રાષ્ટ્રીય યુવા દિવસ' નિમિતે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે સ્વામી વિવેકાનંદજીના તૈલચિત્ર સમક્ષ ભાવ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા.વિધાન સભા અધ્યક્ષ શંકર ચૌધરી પણ સ્વામી વિવેકાનંદજીને ભાવાંજલિ આપી હતી.

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આજે રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદજી પર ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું,

દીવથી અમારાં પ્રતિનિધિ ભરતી રાવલ જણાવે છે કે , દીવની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરાઇ હતી

વિદ્યાર્થીઓને સ્વામી સ્વામીજીના જીવન વિશે જાણકારી આપવામાં આવી હતી તેમજ NSS યુનિટ દ્વારા એક રેલી પણ કાઢવામાં આવી.

દમણ અખિલ ભરતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ના કાર્યકર્તા દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસ નિમિતે ટ્રાફિક સેફ્ટીનો કાર્યક્રમ ટ્રાફિક પોલીસ સાથે મળીને કરવામા આવ્યો.

. . . . . . . . . . . . .

# International Kite festival 2025

રાજકોટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર તેમજ વડોદરામાં આજે આંતરરાષ્ટ્રીય પતંગ પતંગોત્સવ યોજાયો હતો.

રાજકોટમાં સાંસદ પરશોત્તમ રૂપાલાએ ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ'નો આરંભ કરાવ્યો હતો.

આ પતંગોત્સવમાં નેધરલેન્ડ, વિયેતનામ, ઈટલી સહિત ૧૬થી વધુ દેશોના અને પંજાબ, રાજસ્થાન પતંગબાજોએ ભાગ લઈ અવનવા કરતબો કરી લોકોને મંત્રમુગ્ધ કર્યાં હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગરમાં આજે, નર્મદા ડેમના વ્યૂ-પોઈન્ટ ખાતે નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસીંગ તડવીએ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવને ખુલ્લો મુક્યો હતો.

જેમાં વિદેશનાં ૩૪ અને ભારતના ૩૧ સહિત ૬૫ પતંગબાજોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# Amit Shah – Gujarat Visit

કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ ઉત્તરાયણ પર્વ પ્રસંગે 13થી 16 જાન્યુઆરી દરમ્યાન ગુજરાતની મુલાકાતે આવશે. ચાર દિવસીય મુલાકાતમાં શ્રી શાહ અનેક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે અને ઉત્તરાયણની ઉજવણીમાં જોડાશે.

ભાજપ કાર્યાલય દ્વારા મળેલી માહિતી મુજબ અમિત શાહ આવતીકાલે સાંજે અમદાવાદ આવશે. 14મી જાન્યુઆરીએ થલતેજ, ન્યુ રાણિપ, અને સાબરમતીમાં કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની ઉજવણી કરશે. ત્યારબાદ ઘાટલોડિયામાં નવા પોલીસ મથક અને આવાસ યોજનાનાં મકાનોનું લોકાર્પણ કરશે. 15મી જાન્યુઆરીએ કલોલ, માણસામાં સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. 16મી જાન્યુઆરીએ મહેસાણા જિલ્લાનાં વડનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે શાળામાં ભણતા હતાં. તે પ્રેરણા સ્કૂલનું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . .

# Senior Citizen Facility –Ahmedabad Civil

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સિનિયર સિટીઝનકક્ષ શરૂ થયાના માત્ર 6 મહિનામાં 10 હજારથી વધુ વયસ્કોએ આનો લાભ મેળવ્યો છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(વોઈસ કાસ્ટ - અજય ઇન્દ્રેકર)

અમદાવાદની સરકારી હોસ્પિટલમાં જૂન 2024માં એક નવી પહેલ શરૂ કરી સિનિયર સિટીઝન પ્રતીક્ષા કક્ષની સેવાઓ શરૂ કરવામાં આવી હતી. જે આજે વયસ્ક દર્દીઓ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. આ સેવાનો લાભ 10 હજાર 341 જેટલા સિનિયર સિટીઝન દર્દીઓએ લીધો છે.

સિનિયર સિટીઝન કક્ષમાં વયસ્ક દર્દીઓને આરામથી બેસવાની, તેમના અલાયદા કેસ રજીસ્ટ્રેશન ડેસ્કની, પીવાના પાણીની, ટોયલેટની સાથે જે તે વિભાગના ડોક્ટરને બતાવવા જવા માટે વ્હીલચેર તેમજ ટ્રોલીની સાથે એક અલગથી અટેન્ડેન્ટ મોકલીને તેમને સારવાર તેમજ તપાસમાં પ્રાથમિકતા આપવામાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા સિવિલ હોસ્પિટલમાં દ્વારા કરવામાં આવી છે.

**અજય ઇન્દ્રેકર સમાચાર વિભાગ અમદાવાદ**

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

**....................................**

# Dwarka –Demolition

બેટ દ્વારકામાં આજે બીજા દિવસે પણ દબાણ હટાવ કામગીરી ચાલી રહી હતી. આજે બીજા દિવસે 15 જેટલા ગેરકાયદેસર દબાણો દૂર કરાયા હતા.બે દિવસમાં કુલ 80 જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા છે. દ્વારકા જિલ્લાના એસ.ડી.એમ, અમોલ આવતેએ સમગ્ર કામગીરીની માહિતી આપી હતી.

(બાઈટ -- અમોલ આવતે -એસ.ડી.એમ, દ્વારકા)

. . . . . . . . . . . . .

# Dwarka Kala Mahakumbh

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો.

કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજવામાં આવ્યો હતો. મંત્રી શ્રીએ, કલાકારોને બિરદાવ્યા હતાં.

**(બાઈટ - મુળુભાઇ બેરા, કેબિનેટ મંત્રી)**

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છના કેટલાક જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન 24 કલાકમાં છ ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું, હજુ પણ આગામી બે થી ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત રહેવાની હવામાન વિભાગે  આગાહી કરી છે.

રાજ્યમાં બે થી ત્રણ દિવસના  વિરામ બાદ ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે, જે ઉતરાયણ સુધી યથાવત રહેવાની સંભાવના છે.

છેલ્લા 24 કલાકમાં છ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનાં ઘટાડા સાથે નલિયામાં સૌથી ઓછું 5.6 ડિગ્રી તાપમાન નોંધાયું. રાજકોટ, અમરેલી અને પોરબંદરમાં 11 ડિગ્રી સેલ્સિયસ કરતાં ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં 13.9 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં 14.8 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 17.1 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# Match

મહિલા ક્રિકેટમાં, ભારત અને આયર્લેન્ડ વચ્ચે આજે રાજકોટમાં રમાયેલી બીજી એક દિવસીય મેચમાં ભારતનો ૧૧૬ રને વિજય થયો છે.

પ્રથમ બેટિંગ કરતા ભારતીય મહિલા ટીમે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૫ વિકેટે ૩૭૦ રન બનાવ્યા હતા. ભારત તરફથી જેમિમાહ રોડ્રિગ્સે ૧૦૨, હરલીન દેઓલે ૮૯ અને સ્મૃતિ મંધાનાએ ૭૨ રન કર્યા હતા.

૩૭૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં આયર્લેન્ડે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૪ રન બનાવતા તેનો પરાજય થયો છે.

આ જીત સાથે ભારત આ સ્પર્ધામાં ૨-૦ ની સરસાઈ મેળવી છે.

. . . . . . . . . . . . .

# Book Release

ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રભાષા મહાવિદ્યાલયનાં અર્થશાસ્ત્રના પ્રોફેસર ડૉ. કેશર એસ. ચૌધરી લિખિત પુસ્તક કૃષિ અર્થશાસ્ત્રનું વિમોચન કે.ઈ. એન. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટે કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા સમિતિનાં મંત્રી સંચાલક શરદ જોશી ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# Girsomnath–Collector

ગીરસોમનાથ જિલ્લા કલેક્ટર  દિગ્વિજયસિંહ જાડેજાએ આજે માછીમારોની કામગીરી અને તેમાં પડતી મુશ્કેલીઓ તથા સમસ્યાઓની જાણકારી માટે દરિયાઈ બોટોની મુલાકાત લીધી હતી.

શ્રી જાડેજાએ માછીમારી વિશેની જાણકારી માછીમાર સમાજના આગેવાનો પાસેથી મેળવી હતી.તેમણે માછીમારોને દરિયાઈ સુરક્ષા અને સલામતી બાબતે જરૂરી સૂચનો કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

. . . . . . . . . . . . .